# પ્રકરણ ૧

## ધીરુભાઈ ઠાકરનું જીવન અને એમની સાહિત્યિક રુચિને ઘડનારા પરિબળો

### પ્રસ્તાવના

ધીરુભાઈ ઠાકર ગાંધીયુગ મહત્ત્વના સાહિત્યકાર હતા. ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે તેઓ વિવેચક, સંપાદક, સાહિત્યના ઈતિહાસના આલેખક, નિબંધકાર, અનુવાદક, નાટ્યકાર અને ચરિત્રકાર તરીકે જાણીતા છે. પોતાના વિવેચન મારફતે તેઓ સાહિત્યિક ગતિવિધિને તપાસતા રહ્યા છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણને નજરમાં રાખીને તેમણે એકલે હાથે અનુઆધુનિક પ્રવાહો સુધીનો ઈતિહાસ પણ સુલભ કરી આપ્યો છે. વળી જીવનની ઢળતી સંધ્યાએ તેમણે વિશ્વકોશ જેવો ભગીરથ પ્રકલ્પ હાથ પર લીધો અને ત્રણ દાયકા જેટલો સમય તેમણે વિશ્વકોશના નિર્માણ પાછળ અર્પણ કરીને વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથો સુલભ કરી આપ્યા છે. વિવિધ સમયે તેઓ નાટ્યવિવેચન, નાટ્યતાલીમ શિબિરનું સંચાલન, દિગ્દર્શક, સંયોજક તરીકે કામગીરી કરીને નાટ્યક્ષેત્રે માતબર પ્રદાન કર્યું છે. ગુજરાતી સાહિત્યના અનેકવિધ ક્ષેત્રમાં તેમણે કરેલા પ્રદાનને મૂલવતાં પહેલા ધીરુભાઈ ઠાકરની સાહિત્યિક રુચિને ઘડનારા પરિબળો વિશે વિગતે અભ્યાસ કરીએ.

#### જન્મ,ઉછેર-ઘડતર અને કૌટુંબિક સંસ્કાર

ધીરુભાઈ ઠાકરનો જન્મ ૨૭ જૂન ૧૯૧૮ના રોજ જૂનાગઢ જિલ્લાના કોડીનાર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ પ્રેમશંકર ઠાકર અને માતાનું નામ ગોમતીબહેન હતું. તેમનું મૂળ ખાસ વતન વિરમગામ હતું. પણ બે પેઢીથી કોઈ ત્યાં રહેતા ન હતાં. અવસર પ્રસંગે જ તેઓ વિરમગામ જતાં હતા. અગિયાર વર્ષની ઉંમરે ધીરુભાઈ ઠાકરને ઉપનયન સંસ્કાર વિરમગામમાં જ આપ્યા હતા. ધીરુભાઈ ઠાકરનું કુટુંબ ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ હતું. વિરમગામની બ્રાહ્મણ જ્ઞાતિમાં તેઓ કાંઝિયા ઠાકર તરીકે ઓળખાતા

હતાં. તેમના દાદા હરગોવિંદદાસ ઠાકર વડોદરા રાજ્યમાં મેહસૂલખાતામાં ટ્રેઝરર હતા. તેઓ પ્લેગમાં ગુજરી ગયેલા. તેમના બે દીકરા હતા. મોટા દીકરાનું નામ નાથાલાલ અને નાના દીકરાનું નામ પ્રેમશંકર હતું. બંને ભાઈઓએ ગુજરાતી સાત ચોપડી સુધી અભ્યાસ કર્યો હતો. બંને ભાઈઓએ વડોદરા રાજયમાં નોકરી લીધી હતી. ધીરુભાઈ ઠાકરના કાકા નાથાલાલ ઠાકર જે લોકલ બોર્ડના બાંધકામખાતામાં ઓવરસિયર હતાં. પ્રેમશંકર ઠાકરે  વડોદરા રાજ્યમાં તલાટીની નોકરી સ્વીકારી હતી. તેમના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. આથી બંને ભાઈઓએ નાની મોટી નોકરી લઈ લીધી હતી. પિતા તલાટી હોવાથી તેમની બદલી એક ગામથી બીજા ગામમાં થતી. આથી ધીરુભાઈ ઠાકરનું બાળપણ કોડીનાર અને ઘાંટવડમાં વિત્યું હતું. ગીરનાં જંગલો, ગિરનાર પર્વત, શિંગોડા નદી એવા નયનરમ્ય પ્રાકૃતિક વાતાવરણમાં ધીરુભાઈ ઠાકર ઉછર્યા હતા. ઘાંટવડમાં તેમણે એક ગાય પાળેલી. જેને ધીરુભાઈ અને તેમના મોટા બહેન સુમિત્રા બંને ચરવા લઈ જતા હતા. પોતાના બાળપણનાં દિવસોનું સ્મરણ કરતા ધીરુભાઈ ઠાકર કહે છે,

*"દૂર ગિરનાર દેખાતો. વચ્ચે એટલી ગીચ ઝાડીવાળું ગીરનું જંગલ કે તેમાં ખરે બપોરે અંધારું ઘોર રહેતું. ઘણીવાર ડુંગર પરની ઝાડીમાં દવ લાગેલો જોવા મળે. આગના ભડકા ચોતરફ ફેલાતા દેખાય . આ રુદ્રરમ્ય પ્રકૃતિની પશ્ચાદભૂમિ પર મારું બાળપણ વીત્યું હતું."* [૧]

ધીરુભાઈ ઠાકરનો ઉછેર સાહિત્યિક વાતાવરણમાં થયો હતો. પિતા તલાટી સાથે વિદ્યાપ્રેમી હતા. તેમના પિતાએ ઘરમાં એક લાઇબ્રેરી બનાવી હતી. જેમાં ધીરુભાઈ ઠાકરની સાહિત્ય રુચિને  પોસે એવા પુસ્તકો વસાવેલા હતા. પિતા રામાયણ વાંચતાં ત્યારે આજુબાજુનાં માણસો સાંભળવા તેમના ઘરે આવતા હતા. તેમની માતા ધાર્મિક મનોવૃત્તિ ધરાવતા હતા. તેઓ ભજન કીર્તન કરતા, દરેક પર્વની વાર્તા કહેતા હતા જેનો સહજ લાભ ધીરુભાઈ ઠાકર ને બાળપણમાં જ મળ્યો હતો. આમ, ધીરુભાઈ ઠાકરનો ઉછેર સાહિત્યિક વાતાવરણમાં થયો હતો.

## પ્રેમ અને વાત્સલ્યની મુર્તિ: માતા – પિતા

ધીરુભાઈ ઠાકરના જીવનઘડતરમાં તેમના કુટુંબનો મૂલ્યવાન ફાળો રહેલો છે. તેમના કુટુંબનાં સભ્યોમાં માતા–પિતા ઉપરાંત તેમને બે બહેનો હતી. જેમાં મોટી બહેનનું નામ પ્રભાબહેન હતું. અને નાની બહેનનું નામ સુમિત્રા હતું. તેમને બે ભાઈઓ હતા. જેમાં મોટા ભાઈનું નામ રમણભાઈ અને નાના ભાઈનું નામ જયંત હતું. આ બધાનો પ્રેમ ધીરુભાઈ ઠાકરને મળ્યો હતો.

ધીરુભાઈ ઠાકરની માતાનું નામ ગોમતીબહેન હતું. સાથે તેમના મોટા કાકીનું નામ પણ ગોમતીબહેન હતું. આથી સાસરિયાં પક્ષમાં ધીરુભાઈની માતાને ભાગીરથી કહીને બોલાવતા હતાં. તેમની માતાનો દેખાવ પ્રભાવશાળી હતો. તેમનો ચહેરો હંમેશા હસતો રહેતો. તેમની ઊંચાઈ ધીરુભાઈ ઠાકરને વારસામાં મળી હતી. તેમની માતા હોશિયાર અને વ્યવહારકુશળવાળા હતા. તેમના કરકસરયુક્ત વ્યહવારને કારણે ઘર ચાલતું હતું. ધીરુભાઈ ઠાકરના જીવનઘડતરમાં તેમની માતાનો સવિશેષ ફાળો રહેલો છે. ધર્મ પુરાણની વાર્તા, લોકકથાઓ ને લોકગીતો, ભજનો, લગ્ન પ્રસંગોના ગીતો તેમણે નાનપણમાં જ સંભળાવ્યા હતા. જેનો સહજ લાભ ધીરુભાઈ ઠાકરને મળ્યો હતો. માતાના સ્મરણને વાગોળતાં તેઓ કહે છે,

*"બાની પાસે વાર્તાનો ભંડાર. એ વખતે મારી બા રામાયણ, મહાભારત, સામાજિક પર્વની વાર્તા ઘણી કહે, વ્રતકથાઓ કહે. આજે પણ છોકરીઓના વ્રતની કથા મને મોઢે છે. એકેએક પર્વની કથા બાને મોઢે. આખો પુરુષોત્તમ મહિનો વાર્તા કહે અને છેલ્લે એમ આવે કે પુરુષોત્તમ ભગવાન પછી પાછલા ઓરડામાં દેખાયા. ભજનો બહુ મોઢે. જ્યાં જઈએ ત્યાં ઘેર પિતા રામાયણ વાંચે અને બા ભજન કરે. એમણે ગિરધરકૃત રામાયણનું અસંખ્ય વાર પઠન કર્યું હશે. ચાણસ્મામાં પાટીદારો ખૂબ રહે. પાટીદારો સાંભળવા આવે. તહેવારને દિવસે અચૂક ભજન ગોઠવે. સિદ્ધપુરમાં હાઇસ્કૂલમાં જતો થયો ત્યાં સુધી આ ક્રમ ચાલ્યો."* [૨] આમ, ધીરુભાઈ ઠાકરના સંનિષ્ટ જીવનઘડતરમાં તેમની માતાનો મૂલ્યવાન ફાળો રહ્યો છે.

ધીરુભાઈ ઠાકરના પિતાનું નામ પ્રેમશંકર ઠાકર હતું. તેઓ ગુજરાતી સાત ચોપડીથી આગળ ભણ્યાં ન હતા. ગાયકવાડી રાજ્યમાં માસિક દસ રૂપિયાના ટૂંકા પગારથી તલાટીની નોકરી સ્વીકારી હતી. તેમના પિતાજી ઉદાર અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓનો સ્વભાવ નિખાલસ હતો. તેમનામાં અતિથિપ્રેમ વિશેષ હતો. દરેક દિવસે સ્કૂલના એક વિદ્યાર્થીને તેઓ ભોજન કરાવતા હતા. આવા પ્રેમાળ અને ઉદાર વ્યક્તિત્વનો લાભ ધીરુભાઈ ઠાકરને મળ્યો હતો. તેમના પિતાજી રોજ પૂજાપાઠ કરતાં હતા. રોજ રાત્રે ગિરધરકૃત રામાયણ વાંચતા હતા. પોતાના ઘરમાં એક નાનું પુસ્તકાલય બનાવ્યું હતું. જેમાં ધર્મ અને શિષ્ટ ગ્રંથો વસાવેલા જે તેઓ વાંચતા હતા. જેનો સહજ લાભ ધીરુભાઈ ઠાકરને મળ્યો હતો.

ધીરુભાઈ ઠાકર બાળપણથી જ ભણવામાં હોશિયાર હતા. તેમને આગળ ભણવાની તીવ્ર ધગસ હતી. પણ કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી કૉલેજમાં જવાનું સ્વપ્ન સાકર થઈ શકે તેમ ન હતું. છતાં તેમના પિતાજીએ તેમને આગળ ભણવાની સંમતિ  આપી હતી. અને તેઓ સુરતની એમ. ટી. બી.કૉલેજમાં ઇન્ટર સાયન્સમાં પ્રવેશ મેળવ્યો હતો. અહી તેઓ ઇન્ટર સાયન્સમાં નાપાસ થયા હતા. છતાં તેમના પિતાજીએ બીજીવાર તેમને  ભણવાની સંમતિ આપી હતી. પોતાની અભ્યાસકીય કારકિર્દીમાં પોતાના પિતાજીના પ્રદાનને મૂલવતાં તેઓ કહે છે,

*"આજે આ બે પ્રસંગોનો વિચાર કરૂં છું ત્યારે લાગે છે કે મને તેમણે કૉલેજમાં જવાની રજા જ ન આપી હોત અને બીજા અનેકોની માફક કારકૂન કે પ્રાથમિક શિક્ષકની નોકરી લેવાની ફરજ પાડી હોત તો ? મારો વિકાસ રૂંધાય જાત અથવા અનેક અંતરાયોનો સામનો કરીને માર્ગ કાઢવો પડત. કુટુંબમાં કમાનારની જરૂર હતી. એ વખતે કશીયે અપેક્ષા વગર તેમણે મને મુંબઈ જવા દીધો તેની પાછળ તેમની સાત્વિક વત્સલતા દર્શાવતી."* [3] આમ, ધીરુભાઈ ઠાકરના જીવનઘડતરમાં તેમજ અભ્યાસકીય કારકિર્દીમાં પિતાજીનું નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું.

## બાળપણ

ધીરુભાઈ ઠાકરનું મૂળ વતન વિરમગામ હતું. પણ તેમનો જન્મ કોડિનારમાં થયો હતો. એ પ્રમાણે તેમનું બાળપણ કોડીનાર અને ઘાંટવડમાં પસાર થયું હતું. કોડીનાર અને ઘાંટવડમાં ધીરુભાઈ માંડ બે-અઢી વર્ષ ભણ્યા હશે. એમના ખરા શિક્ષણની શરૂઆત તો ચાણસ્માની પ્રાથમિક શાળાથી થઈ હતી. આગળ જોયું તેમ ધીરુભાઈનો ઉછેર સાહિત્યિક વાતાવરણમાં થયો હતો. તેમની માતા ગોમતીબહેન આનંદી સ્વભાવના હતા. નાનપણમાં જ દરેક પર્વની વાર્તા, ધર્મપુરાણની વાતો, લગ્નાદી પ્રસંગોના ગીતો, લોકકથાઓ, લોકગીતો, ભજનો વગેરે સંભળાવ્યા હતા. જેનો સહજ લાભ ધીરુભાઈને મળ્યો હતો.

પિતા પ્રેમશંકર ઠાકર કે જેમને વાંચનની ખાસ્સી રુચિ હતી. તેથી પોતાના ઘરે તેમણે અનેક પુસ્તકો વસાવ્યા હતા. જેમાથી ધીરુભાઈ ઠાકર પોતાને સમજાય કે ના સમજાય તેવા પુસ્તકો લઈ વાંચતા હતા. તેઓ શાળામાં ઉત્સવ નિમિત્તે નાટક કે સંવાદમાં અચૂક ભાગ લેતા હતા. જે તેમની સાહિત્યિક રુચિ પ્રત્યેનો લગાવ દર્શાવે છે.

ધીરુભાઈ ઠાકર બાળપણથી જ રમૂજી વૃત્તિ ધરાવતા હતા. તેઓ તળાવની પાળે પતંગ ઊડાડતાં, ભેંશોની સાથે નાહવા જતાં, તેમજ ગિલ્લી દંડા પણ રમતા હતા. નાનપણથી જ તેઓ ભણવામાં હોશિયાર હતા. ચાણસ્માની પ્રાથમિક શાળામાં હતા ત્યારે ડેપ્યુટીએ તેમની પરીક્ષા લીધી હતી. ત્યારે ધીરુભાઈ જેટલી વાર જવાબ લખીને સાહેબને બતાવવા જતાં તેટલી વાર ધોતીની કાછડી નીકળી જતી હતી. તે ખોસતા–ખોસતા જવાબ બતાવતા હતા. મૌખિક પરીક્ષામાં સાહેબે તેમને એક પ્રશ્ન પૂછેલો. તેને વાગોળતાં તેઓ કહે છે,

*"તેમણે પૂછ્યું "હાથીદાંતના જાડ કેવાં હોય ?" મે ખાસ વિચાર કર્યા વગર તરત જવાબ આપેલો, " મોંટા, જાડા, ને કાળાં". મારો જવાબ સાંભળીને સાહેબે ખડખડાટ હસીને કહેલું, "શાબાશ આ છોકરો ખરો રમૂજી છે."* [૪] પ્રાથમિક શાળામાં હિન્દીના શિક્ષક મોદીસાહેબે પૂછેલા પ્રશ્નનને વાગોળતાં તેઓ કહે છે,

*"મોદીસાહેબને શીખવતાં –શીખવતાં અટકીને પ્રશ્નન પૂછવાની ટેવ. વિધાર્થી બેધ્યાન હોય તો ટપારે. એક વાર હું જપાટામાં આવી ગયેલો. પાઠ ચાલતો હતો તેમાંથી 'એક દર્જન કે ગરીબ' એ શબ્દો ઉઠાવીને મને તેનો અર્થ કરવાનું કહ્યું. મે તરત જ જવાબ આપ્યો. "એક દરજણ ગરીબ હતી." વર્ગના વિધાર્થીઓ હસ્યા, પણ અતિ ગંભીર મુખમુદ્રાવાળા મોદીસાહેબ પણ હસી પડ્યા અને મને બેસાડી દીધો."* [૫]

આમ, ધીરુભાઈ ઠાકર બાળપણથી જ રમૂજી વૃતિ ધરાવતા હતા. તેમનું બાળપણ કોડીનાર,ઘાંટવડ અને ચાણસ્મામાં વીત્યું હતું. તેમના જીવનઘડતરમાં ખાસ તો તેમના માતા- પિતા અને કેટલાંક ઉત્તમ શિક્ષકોનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો.

## શિક્ષણ અને વ્યવસાય

ધીરુભાઈ ઠાકરે ઈ.સ. ૧૯૩૦માં ચાણસ્માની શાળામાંથી પ્રાથમિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ પિતાજીની બદલી સિદ્ધપુરમાં થઈ હતી. આથી તેમણે માધ્યમિક શિક્ષણ સિદ્ધપુરની હાઈસ્કૂલમાંથી મેળવ્યું હતું. તેમણે ૧૯૩૪માં મેટ્રિકની પરીક્ષા ૬૪ ટકા ગુણ સાથે પાસ કરી હતી. જેમાં તેમને સંસ્કૃત અને ફિજિકસ – કેમિસ્ટ્રીમાં ડિંસ્ટીકસન મળ્યું હતું. આટલા ગુણે તેમને કોઈ શિષ્યવૃતિ મળવાની આશા ન હતી. સાથે કુટુંબની આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હતી. આથી તેમને માટે કૉલેજમાં જઈ આગળ ભણવું શક્ય ન હતું. તેઓ ખૂબ નિરાશ થયા હતા. છેવટે સિદ્ધપુર સ્કૂલના કારકુન પુરષોતમદાસ ઠાકરે સુરત કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ પ્રો.કે.એસ.ત્રિવેદીને ભલામણ ચિઠ્ઠી લખી આપી હતી. આથી તેમને કૉલેજમાં ચુનીલાલ પાર્વતીશંકર ફંડમાંથી માસિક બાર રૂપિયાની છાત્રવૃતિ મળે છે. ધીરુભાઈ ઠાકર સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ઇન્ટર સાયન્સમાં પ્રવેશ મેળવે છે. ઇન્ટર સાયન્સમાં 'એ' ગ્રૂપ લઈ તેમની ઈચ્છા ઍંજિનિયર થવાની હતી. અહીં તેઓએ એક વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો. જેમાં પ્રથમ વર્ષની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી હતી. ત્યારબાદ તેઓ અમદાવાદની સૌથી જૂની અને જાણીતી ગુજરાત કૉલેજમાં ઇન્ટર સાયન્સના

બીજા વર્ષમાં પ્રવેશ મેળવે છે. અહીં તેઓ ભૌતિકશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ થયા હતા. તેનું સ્મરણ કરતાં તેઓ કહે છે,

*“ભૌતિકશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષામાં મને એલ્યુમિનિયમની સ્પેસિફિક હીટ કાઢવાનો પ્રયોગ આપેલો. મે બર્નર પર શોટ્સ ગરમ કરવા મૂકેલા. પણ ક્રૂસિબલ પડી જતાં ગરમ શોટ્સ પડી ગયા. પછી ફરી તપાવવાનો સમય નહોતો. આથી ભૌતિકશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષામાં પાસ થવા માટે પાંચ ગુણ ખૂટયા તેથી હું નાપાસ થયો. ઍજિનિયર થવાનું સ્વપ્ન રોળાઈ ગયું.”* [૬]

ધીરુભાઈ ઠાકર ઇન્ટર સાયન્સમાં નાપાસ થતાં ખૂબ નિરાશ થયા હતા. સાથે સગાસંબંધીઓમાં પણ ટીકાને પાત્રે થયા હતા. ત્યારપછી મિત્ર જતિનભાઈના સૂચનથી તેઓ મુંબઈની સેન્ટઝેવિયર્સ કૉલેજમાં ઇન્ટર આર્ટ્સમાં પ્રવેશ મેળવે છે. ઇન્ટર આર્ટ્સમાં પાસ થયા પછી તેઓ સંસ્કૃત મુખ્ય અને ગૌણ ગુજરાતી વિષય લઈ જુનિયર બી.એ. માં પ્રવેશ મેળવવા માંગતા હતા. પણ પ્રો. કાન્તિલાલ બળદેવરામ વ્યાસના સૂચનથી તેઓ મુખ્ય ગુજરાતી અને ગૌણ સંસ્કૃત વિષય રાખ્યા હતા. કે.બી. વ્યાસની સલાહથી તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગયા હતા. કે.બી.વ્યાસના સ્મરણને વાગોળતાં તેઓ કહે છે,

*“કાન્તિભાઇએ ગુજરાતી વિષયના વધતાં જતાં મહત્વ પર ધ્યાન દોરીને તે વિષય લેવાના ફાયદા જણાવ્યા. મને તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં લઈ ગયા. હું તે કૉલેજમાં દાખલ થયો. મારે માટે નવા અધ્યાપક અને નવી કૉલેજ હતા. અહીંથી મારી વિદ્યાયાત્રા નવો વળાંક લે છે.”* [૭]

ધીરુભાઈ ઠાકર ઈ.સ. ૧૯૩૪ માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સ્નાતક થયા હતા. પછી આ જ કૉલેજમાંથી ઈ.સ. ૧૯૪૧માં ૫૬ ટકા ગુણ મેળવી બીજા વર્ગ સાથે અનુસ્નાતકનો અભ્યાસ કર્યો હતો. સાહિત્ય તરફના ગાઢ લગાવથી અને પ્રો.રસિકલાલ છો.પરીખના સૂચનથી ધીરુભાઈ ઠાકરે મણિલાલ દ્વિવેદી પર પીએચ.ડી કરવાનું નક્કી કર્યું. પરિણામે તેઓએ ઈ.સ. ૧૯૫૩માં રા. વિ. પાઠકના માર્ગદર્શન હેઠળ ‘મણિલાલ નભુભાઈ દ્વિવેદી: એક અધ્યયન’ જેવા મોટા વ્યાપવાળો અને અઘરા વિષય પર સંશોધન કરી

પીએચ.ડી ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે તૈયાર કરેલો મહાશોધનિબંધ બે ભાગમાં વહેચાયેલો છે. (૧)મણિલાલ નભુભાઈ: જીવનરંગ જેને ૧૯૫૬માં મુંબઈ રાજ્ય તરફથી શ્રેષ્ઠ ચરિત્રગ્રંથ રૂપે રૂપિયા ૨000નું પારિતોષિક મળ્યું હતું.(૨) મણિલાલ નભુભાઈ: સાહિત્યસાધના જે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થયો હતો.

ધીરુભાઈ ઠાકરની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ થાય છે પ્રાથમિક શાળાના શિક્ષકથી. મિત્ર દુર્ગેશભાઈ શુકલના સૂચનથી તેઓ મુંબઈની વિલેપાર્લેની ગોકળીબાઈ હાઇસ્કૂલમાં અરજી કરે છે. ધીરુભાઈ ઠાકર ઈ.સ.૧૯૩૯માં ૩૫ રૂપિયાના માસિક પગારથી મદદનીશ શિક્ષક તરીકે નિયુકત થયા હતા. અહીં તેઓ ચાર મહિના સુધી નોકરી કરે છે. શિક્ષક તરીકેના અનુભવને વાગોળતાં તેઓ કહે છે,

*"મારે માટે શિક્ષક તરીકેનો આ નવો પણ આનંદમય અનુભવ હતો. બીજા ધોરણમાં અંકગણિત, ચોથામાં ગુજરાતી, પાંચમામાં અંગ્રેજી એમ વિવિધ વિષયો શિખવવાના. શાળાનું વાતાવરણ સાહિત્યિક ફોરમવાળું, મુક્ત, નિખાલસ અને વિદ્યાર્થી તેમજ શિક્ષક બંનેને માટે કંઈક નિરંકુશ રસ જાગૃત કરીને શિખવવાનો ઉત્સાહ મારામાં એ વખતે ઘણો હતો. જ્ઞાનનો કોષ ગમે તેટલો સમૃદ્ધ હોય પણ તેનું ઔચિત્ય, પ્રમાણ અને કક્ષા અનુસાર સચોટ અને સફળ વિતરણ કરવું એ જુદી જ કળા માગી લે છે તેનો મને અહી પ્રથમ અનુભવ થયો."* [૮]

ધીરુભાઈ ઠાકરની વ્યાવસાયિક કારકિર્દીમાં કે. બી વ્યાસનો ફાળો મૂલ્યવાન છે. તેમના પ્રતાપે જ તેઓ ૧ જાન્યુઆરી ૧૯૪0માં મુંબઈની ચર્ની રોડ પર આવેલી ચિલ્ડ્રન એકેડેમી માં શિક્ષક તરીકે નિયુક્ત થયા હતા. અહીં તેઓ ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને મેટ્રિકના વર્ગ શિક્ષક તરીકે કાર્યરત હતા. આજ અરસામાં કે.બી વ્યાસના સૂચનથી તેઓ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં પાર્ટ ટાઇમ ગુજરાતી વિષયના વ્યાખ્યાતા તરીકે અરજી કરે છે અને તેઓની ખંડ સમયના અધ્યાપક તરીકે નિમણૂક થઈ હતી. એમ.એ.નું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું હોવા છતાં ૨૨ વર્ષ ની ઉંમરે અધ્યાપક થયા હતા. પોતાની જ માતૃસંસ્થામાં

અધ્યાપન કાર્ય કરવાની તક મળી હોવાથી તેઓ ખૂબ આનંદ અનુભવતા હતા. મુંબઈમાં સ્થિર થવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ધીરુભાઈ ઠાકરને ફરી કે. બી. વ્યાસ સાથે મુલાકાત થઈ હતી. તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં અરજી કરવા દબાણ કરે છે. તે સ્મરણને વાગોળતાં ધીરુભાઈ ઠાકર કહે છે ,

*"પ્રો. વ્યાસે ફરી અરજી કરવા દબાણ કર્યું. મે કહ્યું, " હું મૂંબઈમાં ઠીક છું. મને ૧૫૫ મળે છે. ગુજરાત કૉલેજની જગ્યા 130 ની છે. "વ્યાસસાહેબે કહયું," એલ્ફિન્સ્ટન કૉલેજની જગ્યા પાર્ટટાઈમ છે આ ફુલટાઇમ છે અને આગળ ઉપર લાભ થાય તેમ છે." વગેરે. મે ફરીથી અરજી કરી."* [૯]

કે.બી.વ્યાસે ધીરુભાઈ ઠાકરનો ત્રણ વખત હાથ પકડ્યો હતો. તેમના માર્ગદર્શનથી તેઓ ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કૂલમાં શિક્ષક, એલ્ફિન્સ્ટન કૉલેજમાં ખંડ સમયના અધ્યાપક તેમજ અમદાવાદની સરકારી ગુજરાત કૉલેજમાં પૂર્ણ સમયના અધ્યાપક થયા હતા. આમ ધીરુભાઈ ઠાકરની વ્યવસાયિક કારકિર્દીમાં વળાંક લાવવામાં કે.બી. વ્યાસનો મૂલ્યવાન ફાળો રહ્યો હતો.

ધીરુભાઈ ઠાકર ઈ.સ. ૧૯૪૧માં અમદાવાદની જાણીતી સરકારી ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે નિયુક્ત થયા હતા. તેઓ જે સમયમાં ગુજરાત કૉલેજમાં આવ્યા હતા તે દિવસો રાષ્ટ્રીય આંદોલનના હતા. તેમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ આંદોલનોમાં મોખરે રહેતા હતાં. આથી તેમનો રાષ્ટ્રીય જુસ્સો અહી બળવતર બને છે. અહી તેમણે ઇ.સ. ૧૯૪૧જૂનથી ૧૯૬૦ એપ્રિલ એટલે કે અઢાર વર્ષ સુધી અધ્યાપન કાર્ય કરાવ્યુ હતું. વચ્ચે ઇ.સ. ૧૯૫૩-૫૪માં તેઓની બદલી મુંબઈમાં આવેલી ઈસ્માઈલ યૂસુફ કૉલેજમાં થઈ હતી. અહી તેઓ એક વર્ષ સુધી નોકરી કરે છે. ત્યાંથી પાછા તે અમદાવાદ આવે છે. ગુજરાત કૉલેજમાં અધ્યાપન કાર્યની સાથે તેમણે અનેકવિધ નાટ્યપ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કર્યું હતું. ધીરુભાઈ ઠાકરની અધ્યાપકીય કારકિર્દી ઘડતરમાં અનંતરાય રાવળનો ખાસ ફાળો રહેલો છે. તેમના સ્મરણને વાગોળતાં તેઓ કહે છે તે જુઓ,

*"તોફાની છોકરા, ઉચ્ચ કોટિના અધ્યાપકો અને વિશિષ્ટ અમદવાદની સમાજની વચ્ચે નવા આગંતુક તરીકે મોટા પડકાર જીલવા આવ્યો હોઉં એવી લાગણી થતી હતી. પ્રો. રાવળની વિદ્રતા અને ઉત્તમ અધ્યાપક તરીકેની ખ્યાતિ સાંભળેલી. તેમની સાથે હું નભીશ કે નહીં તે ઘટવટ પણ મનમાં ચાલતી, પણ પહેલે જ દિવસે મારા મનની ભીતિ ને શંકાકુશંકા દૂર થઈ. પ્રો. રાવળની સૌમ્યમધુર સુજનતાએ પ્રથમ મિલને જ બધો ક્ષોભ દૂર કરી દીધો. બી.એ.સુધીના વર્ગોનો અભ્યાસક્રમ અમારા બે વચ્ચે વહેચવાનો હતો. તેમણે મને રુચે ને અનુકૂળ હોય તે પસંદ કરી લેવાનું કહ્યું અને બાકીનું કામ પોતે કરશે એમ સહજભાવે સૂચવ્યું. બધા વર્ગોમાં બંનેએ જવાનું અને કશાય ભેદભાવ વગર કામ અર્ધો અર્ધ વહેચી લેવાનું. વળી એક વર્ષ પુસ્તક શીખવ્યું હોય તે બીજે વર્ષે શીખવવાનું હોય તો બીજો એ શીખવે. અભ્યાસક્રમના વિવિધ અંશો દર વર્ષે વારાફરતી બંનેએ બદલતા રહેવું એવો ક્રમ રાખેલો, જેથી નવું શીખવવાનો રસ ટકી રહે અને બંનેને બધો અભ્યાસક્રમ તૈયાર કરવાની ચાનક રહે. અમે તે પછી ૧૮ વર્ષ સાથે કામ કર્યું તેમાં તેમની ન્યાયબુદ્ધિએ વિચારેલું કાર્ય –વહેંચણીનું આ ધોરણ અમે ચીવટપૂર્વક અપનાવ્યું હતું. ઊગતી કારકિર્દીમાં જ પ્રા. અનંતરાય રાવળ જેવા સાત્વિક પ્રકૃતિના સજ્જ્ન અને વિદ્રાન અધ્યાપકનો સંગાથ મળ્યો તેને હું મારૂં સદભાગ્ય સમજું છું."* [૧૦]

આમ, ધીરુભાઈ ઠાકરને અનંતરાય રાવળનો સહજ લાભ મળ્યો હતો. જે તેમની અધ્યાપક તરીકેની સજ્જતા વધારવામાં મદદરૂપ બની હતી. ધીરુભાઈ ઠાકર અમદાવાદની ગુજરાત કૉલેજમાં અઢાર વર્ષ સુધી અધ્યાપક તરીકે રહે છે. ગુજરાત કૉલેજ, અમદાવાદનું વાતાવરણ, સાહિત્યકારો, વિદ્યાર્થીઓ વગેરેએ તેમની અધ્યાપકીય કારકિર્દી ઘડવામાં મદદરૂપ બન્યા હતા. આથી જ ડૉ. પ્રવીણ દરજી ધીરુભાઈના ઘડતરમાં અમદાવાદની ગુજરાત કૉલેજનો ફાળો જણાવતા તેઓ કહે છે કે,

*"ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકેના લગભગ બે દાયકા આમ આરંભની કારકિર્દીમાં ઘણા બધા પડકારો ઘડતર માટે કારણભૂત બન્યા છે. અહીં મુંબઈથી આવેલા તરવરાટભર્યા યુવક ધીરુભાઈ વ્યાપક પરિપ્રેક્ષ્ય વચ્ચે મુકાય છે. ઉત્તમ સાથી અધ્યાપકોનું માર્ગદર્શન આપમે છે, તો વિદ્યાર્થીઓનો પ્રેમસંપાદિત*

*કરે છે. સાથે સ્વાતંત્ર્યચળવળ નિમિત્તે, દેશપ્રેમ નિમિત્તે પણ તેમની જુદા પ્રકારની સક્રિયતા જોવાય છે. વર્ગમાં ભણાવવું, વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદિત કરવો અને ભણાવવા ઉપરાંત બીજા વિષયોને પણ સતત વાંચતા રહેવ-લેખનકાર્ય પણ કરવું વગેરે અનેક પ્રવૃત્તિમાં તેઓ ગળાડૂબ રહે છે. કહો કે આ વર્ષો તેમના શિક્ષક તરીકેના સિમેટિંગના વર્ષો હતા. પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરવાના હતા. તેમણે શિક્ષણ શું છે, વિદ્યાર્થીઓ શું છે, સાહિત્ય અને વિદ્યા- વિદ્યાર્થીના વિકાસ માટે શું થઈ શકે અને શિક્ષકે શું કરવું જોઈએ તેની પાકી સમજ પ્રાપ્ત કરી લીધી હતી.”* [૧૧]

મુંબઈ સરકારે ૧૯૫૯માં દ્વિભાષી મુંબઈ રાજ્યના ગુજરાતી અને મરાઠી લેખકો માટે પ્રવાસનું આયોજન કર્યું હતું. તેમાં ધીરુભાઈ ઠાકર પણ જોડાયા હતા. મોડાસામાંથી રમણલાલ સોની પણ હતા. તેમણે ધીરુભાઈને મોડાસામાં નવી શરૂ થતી કૉલેજમાં આચાર્ય તરીકે જોડાવા નિમંત્રણ આપ્યું હતું. તે મુજબ મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળે સરકાર પાસેથી ધીરુભાઈ ઠાકરની બે વર્ષ ઉછીની સેવાઓ લીધી હતી. તે પ્રમાણે તેઓ ઇ.સ. ૧૯૬૦માં આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસાના સ્થાપક આચાર્ય તરીકે નિયુક્ત થયા હતા. અહીં તેઓ બાર વર્ષ સુધી એક્સટેન્શન રૂપે રહ્યા હતા. ત્યારબાદ ઇ.સ. ૧૯૭૨ના જૂનથી સરકારી કૉલેજમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. પછી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સાથે છ વર્ષના કૉન્ટ્રાકથી મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકે કાર્યરત રહ્યા હતા.

ધીરુભાઈ ઠાકર ૧૯૬૦થી ૧૯૭૮ એટલે કે અઢાર વર્ષ સુધી મોડાસા કૉલેજને આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. અહીં તેઓએ જીવનના બે દાયકા જેટલો સમય મોડાસા કૉલેજના નિર્માણમાં અર્પણ કર્યો હતો. શરૂઆતમાં આર્ટ્સ, સાયન્સથી શરૂ થયેલી મોડાસા કૉલેજ કેમ્પસમાં પાછળથી આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, એજ્યુકેશન અને લૉ એમ પાંચ વિદ્યાશાખાઓનો વિસ્તાર થયો હતો. જેના મૂળ ધીરુભાઈ ઠાકરના આચાર્ય તરીકેના કુશળ સંચાલનમાં પડેલા હતા. તેમણે નિર્માણ કરેલું મોડાસા કૉલેજનું કેમ્પસ ‘ધીરુભાઈ ઠાકરનું રજવાડું’ તરીકે ઓળખાતું હતું. આચાર્ય તરીકે ધીરુભાઈ ઠાકરને મૂલવતાં પ્રો. જે. બી.શાહ નોંધે છે તે જુઓ,

*"ઇ.સ. ૧૯૬૦માં મોડાસામાં કૉલેજ શરૂ થઈ. એસ.એસ.સી. પરીક્ષાનું પરિણામ જાહેર થયું. પરંતુ સાત-આઠ વિદ્યાર્થીઓ દાખલ થયા અને ખાસ કરીને અમદાવાદથી આવેલા અધ્યાપકો વ્યગ્ર બની ગયા. ધીરુભાઈ ઠાકરની વહીવટી કુનેહનું દર્શન આ પ્રસંગે થયું. કાર્યાલયના હિસાબનીસને બોલાવી ફીની પહેલી ૫૦ રસીદો રદ કરાવી અને આ વાત ખાનગી રાખવા જણાવ્યું. બીજે દિવસે કૉલેજમાં ૬૦ જેટલા એડમીશન થઈ ગયા છે તેવી હવા ફેલાઈ. વિદ્યાર્થીઓએ ટપોટપ કૉલેજમાં પ્રવેશ લેવા માંડ્યો અને પહેલા જ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦ થી ૨૦૦ જેટલી થઈ ગઈ. સરકારી કૉલેજના આચાર્ય સ્વપ્નમાં પણ ન વિચારે તેવો ઉપાય અમલમાં મૂકતા ધીરુભાઈની મૌલિકતા પ્રશસનીય છે."* [૧૨]

ધીરુભાઈ ઠાકર મોડાસા કૉલેજના શરૂઆતના દિવસોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એકત્ર કરવા માટે પછાત ગામોમાં ફરતા હતા. ગામડાના લોકો અને તેમના બાળકોને કૉલેજના શિક્ષણનું મહત્ત્વ સમજાવતા અને કૉલેજનું શિક્ષણ લેવા અનુરોધ કરતાં હતા. એટલું જ નહીં પણ આગળ ભણવા માટે મળતી શિષ્યવૃત્તિ, અન્ય સરકારી મદદ વગેરેની માહિતી આપતા હતા. આથી મોડાસા કૉલેજમાં પ્રથમ વર્ષે જ ૧૫૦ જેટલી સંખ્યા થઈ હતી. આમાં ધીરુભાઈ ઠાકરની કુશળ વહીવટકર્તાની જ દેણ હતી. મોડાસામાં તેમણે જીવનના બે દાયકા જેટલો સમય પસાર કર્યો હતો. આ સમયગાળામાં મોડાસા કૉલેજ કેમ્પસમાં ગ્રંથાલયો, પ્રયોગશાળા, મ્યુઝિયમ, ઓડિટોરિયમ, જીમનેશિયમ, લેંગ્વેજ લેબોરેટરી, માર્ગદર્શન કેન્દ્ર જેવા અનેક શિક્ષણ કેન્દ્રો વડે તેમણે મોડાસા કૉલેજ કેમ્પસને શોભવ્યું હતું. આથી જ ઉમાશંકર જોષીએ મોડાસા કૉલેજ કેમ્પસની મુલાકાત 2દરમિયાન મોડાસા કૉલેજ કેમ્પસને 'ઉત્તર ગુજરાતનું ઓક્સફર્ડ' કહીને નવાજયું હતું. એના કારણમાં ધીરુભાઈ જેવા વિદ્વાન, દ્રષ્ટા અને ખંતીલા આચાર્ય રહેલા હતાં.

ધીરુભાઈ ઠાકરના પ્રેરક નેતૃત્વની છાયામાં મોડાસા કૉલેજ કેમ્પસ લગભગ બે દાયકા સુધી કાળજીભરી માવજત પામ્યું હતું તેમાં તેમણે પસંદ કરેલા અધ્યાપકનો ખૂબ સહકાર મળ્યો હતો. અધ્યાપકોની સજ્જત્તા વધારવા માટે તેમણે વિદ્યા-વર્તુળ જેવી પ્રવૃત્તિ અમલમાં મૂકી હતી. જેમાં વેકેશન દરમિયાન ઓછામાં ઓછા પંદર દિવસ ગ્રંથાલયમાં સ્વાધ્યાય કરે જેનો લાભ વિદ્યાર્થીઓ અને સમાજને

આપે. તેમના કાર્યકાળ દરમિયાન મોડાસા કૉલેજમાં 'નવરત્ન હઠાવ' આંદોલન વિદ્યાર્થીઓ દ્વારા ચલાવાયું ત્યારે ધીરુભાઈ તેમના પડખે ઉભા રહીને તે અધ્યાપકોનો બચાવ કર્યો હતો. અહી આચાર્ય તરીકે ધીરુભાઈ ઠાકરની પ્રામાણિક્તા જોવા મળે છે. આચાર્ય તરીકેના મંતવ્યને ટાંકતા ધીરુભાઈ કહે છે કે,

*"કોઈ પણ શિક્ષણસંસ્થાનું હૃદય તેના વિદ્યાર્થીઓ છે. અધ્યાપકો તેનું બુદ્ધિતંત્ર છે. પુસ્તકાલય અને પ્રયોગશાળા તેનાં ફેંફસા, મેનેજમેન્ટ તેના હાથપગ અને આચાર્ય તો તેનું મુખ માત્ર ગણાય. સૌનો સુમેળ સાધીને તેના આત્મારૂપ વિદ્યાને પ્રસન્ન ન કરી શકે તો તે આચાર્ય નિષ્ફળ ગયો ગણાય એમ હું માનું છું. વિદ્યાવિતરણના સમગ્ર પુરુષાર્થમાં અધ્યાપકનું નેતૃત્વ મહત્વનું ગણાવું જોઈએ."* [13] ધીરુભાઈ ઠાકરના શૈક્ષણિક પ્રદાનને મૂલવતાં દાઉદભાઈ ઘાંચી કહે છે તે જુઓ,

*"શિક્ષણકેન્દ્ર અંગે બેંજામિન ડિજરાઈલનો મત ડૉ. ધીરુભાઈ ઠાકરે હંમેશાં નજર સમક્ષ રાખેલો. A Univer itક્ર ˙ સ્ould be a Plaશ્ર્e Of Ligસ્t, Of Libertક્ર, and Of Learning .આ ત્રણ પરિણામો વિકસાવવા મોડાસા કૉલેજ કેમ્પસમાં ઉમદા શૈક્ષણિક પરંપરાઓ વિકસાવવામાં આવી છે. કેમ્પસ પરના વર્ગખંડોમાં, અધ્યયનકેન્દ્રોમાં, મેદાનો પર, નાટ્યશાળામાં ઉન્નતની ખોજ Pur uit of exશ્ર્ellenશ્ર્e એ ડૉ.ઠાકરનું ધેય હતું. ગુજરાતભરમાં આર્ટ્સ કૉલેજો સવારની કરી અભ્યાસકાર્ય વામણું બનાવવામાં આવી રહ્યું હતું. ત્યારે તેમણે મોડાસાની આર્ટ્સ કૉલેજને પૂરા સમયની રાખી અને ઠોસ શૈક્ષણિક કાર્યક્રમો ઉપસાવ્યા. યુ.જી.સી. ની COHSSIP અને Faશ્રultક્ર Devlopmentજેવી આબોહવાને પડકારભરી રાખવા તેમણે ગોઠવણ કરી હતી. ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટીએ Re trutured Cour e દાખલ કરવાનું વિચાર્યું ન હતું તે પહેલાં મોડાસા કૉલેજ કેમ્પસમાં ટૂંકા ગાળાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની જોગવાઈ કરીને ડૉ. ઠાકર એ દ્રષ્ટા પુરવાર થયા હતા. ડૉ. ઠાકર શિક્ષણક્ષેત્રે એક સ્વપ્નસેવી રહયા અને ઘણાં બધાં સ્વપ્નોને આકાર આપનાર સફળ શિલ્પી પણ બન્યા."* [૧૪] અહીં ધીરુભાઈ ઠાકરની કેળવળીકાર તરીકેની દૂરદર્શિતાનો પરીચય થાય છે.

તેઓ મોડાસા કૉલેજમાં અધ્યાપન કાર્યની સાથે અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરતા હતા. જેમાં ફિશપોન્ડ,રંગલોક, શબ્દલોક, લલિતકળા મંડળ, નાટ્ય સંગીત, રમત-ગમત જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિને દિશા અને આકાર આપવાના પ્રયત્નો કર્યા હતા. 'વિદ્યા-વિસ્તાર વ્યાખ્યાનમાળા' જેવી યોજના તેમણે અમલમાં મૂકી હતી જેનો હેતુ ઉચ્ચશિક્ષણનો લાભ સમાજ અને ગામડાને મળે. ધીરુભાઈના પ્રયત્નથી જ ઇ.સ.૧૯૬૫માં સમગ્ર યુનિવર્સિટી રમત-ગમત સ્પર્ધા મોડાસા કૉલેજ કેમ્પસ પર યોજાઈ હતી. આ માટે તેમણે વિશાળ મેદાન તૈયાર કરાવ્યું હતું જેમાં તેમની આચાર્ય તરીકેની નેતૃત્વ શક્તિ પ્રેરણારૂપ બની હતી. તેમના પ્રયત્નથી જ ઇ.સ.૧૯૭૦માં યુનિવર્સિટી યુવક મહોત્સવ મોડાસા કૉલેજ કેમ્પસમાં યોજાયો હતો. વિદ્યાર્થીઓના સર્જન કૌશલ્યને વિકસાવવા માટે મોડાસા કૉલેજમાંથી 'માજુમ' નામનું મુખપત્ર પણ વર્ષના અંતે બહાર પડતું હતું. આમ, ધીરુભાઈ ઠાકરે અઢાર વર્ષમાં આચાર્ય તરીકેની કારકિર્દીમાં અનેક શૈક્ષણિક પ્રયોગો કરીને મોડાસા કૉલેજ કેમ્પસને ધમધમતું કર્યું હતું. આથી જ તેમણે ઊભું કરેલું મોડાસા કૉલેજનું કેમ્પસ 'ધીરુભાઈ ઠાકરના કમ્પા' તરીકે ઓળખાતું હતું.

પ્રો. બાર્નહીલ ૮ જાન્યુઆરી ૧૯૭૩માં મોડાસા કૉલેજમાં વાર્ષિકોત્સવ પ્રસંગે અતિથિવિશેષ તરીકે તેઓ આવ્યા હતા અને કૉલેજમાં ચાલતી વિવિધ નાટ્યપ્રવૃતિઓથી પ્રભાવિત થયા હતા. તેમણે મોડાસા કૉલેજ વિશે ધીરુભાઈ ઠાકરને એક પત્ર લખ્યો હતો તે જુઓ,

*"તમારા દેશની મુલાકાતથી ઠીકઠીક શીખવા મળ્યું. મોડાસા અને બીજાં નાનાં નગરોમાં જે આશાનો ગુણ જોવા મળ્યો તે ખાસ યાદ રહી ગયો છે. એવો ગુણ મોટાં શહેરોમાં જોવા મળતો નથી અથવા તો રોજબરોજની અસંખ્ય સમસ્યાઓ વચ્ચે ત્યાં દેખાતો નથી. પરિવર્તન શક્ય છે એવી શ્રદ્ધા, આશા કે નૂતન મહત્વાકાંક્ષાનો આ ગુણ બધા વિદ્યાર્થીઓનાં અધ્યયન-અનુભવનું એક અંગ બને તો એવું ખરેખર સામાજિક પરિવર્તન આવે કે તે દુનિયા આખીને બદલી નાખે."* [૧૫]

આમ, ધીરુભાઈ ઠાકરે અઢાર વર્ષના સમયગાળામાં મોડાસા કૉલેજ કેમ્પસનો એવો કાયાપલટ કર્યો હતો કે જ્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કેન્દ્ર નક્કી કરવાનું થયું ત્યારે મોડાસાનું નામ ચર્ચામાં હતું. આ માટે સરકારે વી.વી. જહોન સમિતિ નીમી હતી. આ સમિતિએ ૮ જાન્યુઆરી ૧૯૭૪ના દિવસે મોડાસા કૉલેજ કેમ્પસની મુલાકાત લીધી હતી. પ્રો.વી.વી. જહોને મોડાસા કૉલેજ કેમ્પસ વિશે નોંધતા કહ્યું હતું,

*"હું દ્રઢપણે માનું છું કે ભારતમાં ઉચ્ચ શિક્ષણનું ભાવિ નૂતન કાર્યક્રમો અપનાવવાનું સાહસ કરતી નાની કૉલેજો પર અવલંબે છે. આ સંસ્થા તે ભાવિદર્શનના અંગરૂપ છે એવી છાપ મારા પર પડી છે."* [૧૬]

આમ, ધીરુભાઈ ઠાકરના નેતૃત્વમાં મોડાસા કૉલેજે જે વિકાસ સાધ્યો તે ઐતિહાસિક દ્રષ્ટિએ પણ અવિસ્મરણીય રહેશે. શ્રી મ.લા.ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળે તેમની સેવાઓની યાદમાં દર વર્ષે દસ હજાર રૂપિયાની સંશોધન ફેલોશિપ આપવાની યોજના પણ અમલમાં મૂકી હતી. ધીરુભાઈ ઠાકર સરકારી કૉલેજમાંથી આ ખાનગી કૉલેજમાં અને તે શરૂઆતમાં બે વર્ષની લોન સર્વિસ રૂપે જોડાયા હતાં ત્યારબાદ સ્વૈચ્છિક રાજીનામું આપી અહીં સ્થિર થયા હતાં. છેલ્લે પોતાની આચાર્ય તરીકેની અઢાર વર્ષની કારકિર્દી દરમિયાન ૧૯૭૮ જૂનની ૩૦મી તારીખે તેઓ મોડાસા કૉલેજમાંથી નિવૃત્ત થયા હતાં.

## સર્જકને ઘડનારા પરિબળો

ધીરુભાઈ ઠાકરનો ઉછેર જ સાહિત્યિક વાતાવરણમાં થયો હતો. બાળપણમાં જ તેમને વાર્તાઓ સાંભળવાનો અને ભજવવાનો વિશેષ શોખ હતો. એ પ્રમાણે તેઓએ સાત પૂંછડિયા ઉંદરની વાર્તાની ભૂમિકા તેમણે નાનપણમાં જ ભજવી હતી. અગાઉ જોયું તેમ પિતા પ્રેમશંકર ઠાકર ગુજરાતી સાત ચોપડી સુધી ભણેલા હતા. તેમને વાંચનના વિશેષ શોખને કારણે ઘરમાં જ એક નાનકડી લાઈબ્રેરી બનાવી હતી. જેમાં ગિરધરકૃત 'રામાયણ', 'ભામિનીવિલાસ', 'અમરચરિત્ર', ' સરસ્વતીચંદ્ર'ના ત્રણ ભાગ, શ્રીમદ્દભાગવત, ચંદ્રકાંતના બધા ભાગ, 'સ્વર્ગની સીડી', 'સાચું સ્વર્ગ' જેવા અનેક પુસ્તકો તેમના પિતાજીએ વસાવેલા હતા. તેમાંથી બાળપણમાં જ ધીરુભાઈ પોતાને સમજાય કે ના સમજાય તેવું પુસ્તક લઈ વાંચતા હતા. જે તેમનો

સાહિત્ય પ્રત્યેનો લગાવ જોઈ શકાય છે. પિતાજી રામાયણ વાંચતા ત્યારે તેમને સાંભળવા માટે માણસો એકત્ર થતાં. તેમાં બાળ ધીરુભાઈ ઠાકર પણ જોડાતા હતા.

પિતાજીની જેમ તેમના માતા ગોમતીબહેન પણ ધાર્મિકવૃત્તિવાળા હતા. નાનપણમાં જ તેમની માતાએ તેમને રામાયણ, મહાભારત, વ્રતકથાઓ, પર્વની વાર્તાઓ, લગ્નાદિ પ્રસંગોના ગીતો, ધર્મ પુરાણની વાર્તા, લોકગીતો, લોકકથાઓ તેમજ ભજનો વગેરે બાળપણમાં જ સંભળાવ્યા હતા. આમ, માતા-પિતાનો સાહિત્યિક વાતાવરણનો વારસો ધીરુભાઈ ઠાકરને બાળપણથી જ મળ્યો હતો જે તેમનો સાહિત્ય પ્રત્યે રસ જાગ્રત કરવામાં વિશેષ મદદરૂપ નિવડ્યો હતો. પોતાને લેખક તરીકેના ઘડતરમાં માતા-પિતાના પ્રદાનને વાગોળતા  તેઓ પ્રસંગમાધુરીમાં કહે છે તે જુઓ ,

*"છેક નાનપણમાં તેનાં બીજ વવાય છે. મારી માતા ધાર્મિક વૃત્તિની હતી. તેને વ્રત-વરતુલાં કરવાનો અને ભજનો ગાવાનો શોખ. રામાયણ, મહાભારત-ભાગવતમાંથી કથાવાર્તા કહે. દરેક તહેવારની કથા અને લોકકથા પણ કહે. મારા પિતાજી પૂજાપાઠ કરવા ઉપરાંત દરરોજ સાંજે ગિરધરકૃત રામાયણ વાંચતા. હું પાંચ-છ વર્ષનો હતો ત્યારે આ ભજન અને કથાનો રસ ઘટઘટક પિધો છે. તેને પરિણામે ગીતો ગાવાની અને સાંભળવાની તેમજ વાર્તારસ માણવાની રુચિ ઘડાઈ છે."* [૧૭]

ધીરુભાઈ ઠાકર પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે નિશાળમાથી વાર્તાઓની ચોપડીઓ લાવીને વાંચતાં હતા. એ પ્રમાણે તેમણે 'ગજરામરુની વાર્તા' અને 'નંદબત્રીશી' જેવી વાર્તાઓ નાનપણમાં જ વાંચી હતી. સાથે રોજ રાત્રે પિતાજીના પગ દાબતા-દાબતા ઘડીયા બોલતા અને કવિતા ગાતા હતા. તેઓ જ્યારે હાઇસ્કૂલમાં ભણતા ત્યારે ધૂમકેતુનું 'રજકણ', ન્હનાલાલનું 'જયા જયન્ત' તેમજ 'સરસ્વતીચંદ્ર' જેવા પુસ્તકોનું વાંચન કર્યું હતું. તેમજ 'પ્રસ્થાન','શારદા', 'નવચેતન' જેવા સાહિત્યિક સામયિકો પણ વાંચ્યા હતા. જેના ફળસ્વરૂપે ધીરુભાઈ ઠાકરમાં સાહિત્યના સંસ્કાર બાળપણથી જ દ્રઢ થતાં જોવા મળે છે. તેઓ જ્યારે પ્રાથમિક શાળામાં ભણતા ત્યારે શાળામાં ઉત્સવ પ્રસંગે કોઈ સંવાદ કે નાટકનું આયોજન થતું તેમાં તેઓ

અચૂક ભાગ લેતા હતા. શાળામાં એક વાર 'ફ્રેશ ગ્રેજ્યુએટ' નામનો સંવાદ ભજવેલો તેમાં તેમણે મુકુંદ બી. જોશીનું પાત્ર ભજવ્યું હતું. બીજા એક 'એલેકઝાન્ડર ધ ગ્રેટ' નામના સંવાદમાં તેમણે ભાગ લીધો હતો અને તેમને ઈનામમાં જર્મન-સિલ્વરનો પ્યાલો મળ્યો હતો. આમ, ધીરુભાઈ ઠાકરને પ્રાથમિક શાળામાથી જ નાટ્યપ્રવુત્તિમાં રસ જાગ્યો હતો જે પાછળથી કૉલેજમાં જતાં વધુ ફુલ્યોફાલ્યો હતો.

ધીરુભાઈ ઠાકરની સાહિત્યિક રુચિ ઘડવામાં તેમના ગુરુજનોનો ખાસ ફાળો રહેલો છે. તેઓ જ્યારે સિદ્ધપુરની હાઇસ્કૂલમાં ભણતા ત્યારે કેટલાક ઉત્તમ શિક્ષકોનો પ્રભાવ તેમના પર  પડ્યો હતો. જેમાં શંકરલાલ પાધ્યા, વી.કે. દેસાઈ, સી.સી. ઠાકર, અને મધુકુમાર દેસાઈ વગેરેનો સમાવેશ થાય છે. શંકરલાલ પાધ્યાને લીધે તેમને સંસ્કૃત વિષયમાં વિશેષ રસ જાગ્યો હતો. ઉત્તરરામચરિત, રામાયણ, કુમારસંભવ જેવા ઉત્તમ પુસ્તકોનું વાંચન તેમણે કર્યું હતું. હાઇસ્કૂલના અભ્યાસ દરમિયાન તેમણે કલકત્તા સંસ્કૃત એસોસિયેશનની પ્રથમ અને દ્વિતીય પરીક્ષા પાસ કરી હતી. સંસ્કૃતના વિશેષ અધ્યનને વાગોળતાં તેઓ કહે છે તે કે, *"સંસ્કૃતના આ વિશેષ અભ્યાસે મારી સાહિત્યિક સમજ અને ભાષાને પરિષ્કૃત કરવામાં મદદ કરી છે."* [૧૮]

આગળ જોયું તેમ ધીરુભાઈ ઠાકરનો સાહિત્ય પ્રત્યે રસ જાગ્રત કરવામાં તેમના ગુરૂજનોનો નોધપાત્ર ફાળો હતો. કૉલેજના અભ્યાસ દરમિયાન કેટલાક શિક્ષકોનો મૂલ્યવાન ફાળો રહેલો છે. જેમાં કે.બી.વ્યાસ, રા.વિ.પાઠક અને બલૂભાઈ જેવા સર્જકો ઉલ્લેખનીય છે. ધીરુભાઈ ઠાકરની વ્યવસાયિક કારકિર્દીમાં વળાંક લાવવામાં કે.બી. વ્યાસનું પ્રદાન મૂલ્યવાન છે તેમ તેમને સાહિત્યિક દુનિયામાં પ્રવેશ કરાવવાનો યશ પણ કે.બી. વ્યાસને ફાળે જાય છે. પોતાની સાહિત્યિક રુચિ કેળવવામાં કે.બી. વ્યાસના પ્રદાનને નોંધતા તેઓ જણાવે છે કે,

*"એ વખતે જુનિયર બી.એ.ની પરીક્ષા કૉલેજ લેતી. બીજા સત્રમાં મુંબઈ યુનિવર્સિટીની નારાયણ મહાદેવ પરમાનંદ ઈનામી નિબંધની જાહેરાત કૉલેજના નોટિસ બોર્ડ પર મુકાઇ હતી. વિષય હતો '૧૯ મી*

*સદીની પશ્ચિમ ભારતની ધાર્મિક પ્રવૃતિઓ' ગુજરાતી ભાષામાં એ વિષય પર સો ફૂલ્સકેપ પાનાનો નિબંધ લખવાનો હતો. ઈનામ રૂપિયા બસો. વ્યાસ સાહેબે મારું તે તરફ ધ્યાન દોર્યું ને નિબંધ તૈયાર કરવા કહ્યું. મે આનાકાની કરી તો કહે,"આરંભમાં જ અભ્યાસ વિસ્તૃત અને ઊંડો કરવાની આ તક છે. તમારે એની તૈયારી કરવી જ પડશે." એમણે સ્વામિનારાયણ-સંપ્રદાયથી શરૂ કરીને આર્યસમાજ અને બ્રહ્માંસમાજ-એકેશ્વરવાદ સુધીના પ્રવાહોનું અધ્યયન કરવા માટે ગ્રંથોની યાદી કરાવી. હું બે મહિના યુનિવર્સિટી ગ્રંથાલયમાં બેઠો. નોંધો કરી. રાતદિવસ મહેનત કરીને નિબંધ તૈયાર કર્યો ને યુનિવર્સિટીમાં રજૂ કર્યો. ઈનામ મળ્યું. તેમાંથી સો રૂપિયાના પુસ્તકો લીધ્યા ને સો રૂપિયા રોકડા. આ ઘટનાએ મને સાહિત્યિક દુનિયામાં પ્રવેશ કરવાનું પ્રોત્સાહન આપ્યું. "* [૧૯]

ધીરુભાઈ ઠાકરની સાહિત્યિક રુચિ કેળવવામાં કેટલાક શિક્ષકોનો ફાળો છે તેમ કેટલાક મિત્રોનો પણ ઉત્તમ ફાળો રહેલો છે. તેમાં ધનંજય ઠાકર અને દુર્ગેશ શુકલનો સમાવેશ થાય છે. ધનંજય ઠાકરના કહેવાથી જ તેઓએ ચંદ્રવદન મહેતાનું 'આગગાડી' નાટકમાં જોન્સ અને બીજી બે-ત્રણ નાની ભૂમિકા ભજવી હતી અને કૉલેજમાં વાર્ષિકોત્સવ વેશભૂષા હરીફાઈમા 'ફોટોગ્રાફિક નેગેટિવ' નોં મેકઅપ કર્યો હતો અને તેમાં ધીરુભાઈને પ્રથમ ઈનામ મળ્યું હતું. 'કલમમંડળ' ના ઉપક્રમે ભાંગવાડી થિયેટરમાં આગગાડી નાટકના કેટલાક પ્રયોગો થયા હતા. તેમાં તેમણે કોલબોયના પાત્રની ભૂમિકા ભજવી હતી. જે પાછળથી તેમની નાટ્યકળાને ખિલાવવામાં મદદરૂપ બની હતી. આજ અરસામાં તેમણે 'આપણાં લગ્ન' નામનો લેખ લખીને અનંતરાય રાવળને આપ્યો હતો અને તે ગુજરાત કૉલેજના મેગેઝીનમાં છપાયો હતો. તેમનું આ પહેલું પ્રકાશિત લખાણ હતું. આમ, કૉલેજકાળમાં જ ધીરુભાઈ ઠકારને નાટ્ય અને સાહિત્ય તરફ લગાવ હતો. 'આગગાડી' નાટકના પ્રયોગ નિમિત્તે કેટલાક સાહિત્યકારોના સંપર્કમાં ધીરુભાઈ ઠાકર આવ્યા હતા. જેવા કે ચંદ્રવદન મહેતા, જ્યોતીન્દ્ર દવે, જમુભાઈ દાણી, બચુભાઈ ધ્રુવ, ધનસુખલાલ મહેતા, ભાનુશંકર વ્યાસ, સ્નેહરશ્મિ, બળવંતરાય ઠાકર, જયંતી દલાલ તેમજ ઉમાશંકર જોશી જેવા મહાન સાહિત્યકારોના સંપર્કમાં

આવતા તેમનામાં સાહિત્ય પ્રત્યે સક્રિય રસ જાગ્યો હતો. દુર્ગેશ શુક્લના સ્મરણને વાગોળતાં તેઓ કહે છે તે જુઓ,

*"દુર્ગેશ શુક્લની સાથે રહેવાથી અમને સાહિત્યિક ગતિવિધિનો પ્રાથમિક પરિચય થયો એમ કહી શકાય. દુર્ગેશનું વાંચન વિશાળ. અંગ્રેજી અને ગ્રીક સાહિત્યની વાતો ચાલે. યુજેન ઓ નીલનું નાટક 'સ્ટ્રેન્જ ઇન્ટરલ્યુડ' અને ઇરવિંગ સ્ટોને લખેલી વિન્સેન્ટ વાનગોફની જીવનકથા 'લસ્ટ ફોર લાઈફ'એ વખતે વાંચેલા પુસ્તકોમાં યાદ રહી ગયેલ છે. દુર્ગેશ વાર્તા કે કવિતા લખે તે પહેલા અમારી સમક્ષ વાંચે. તે ચર્ચાય પછી છાપવા મોકલે તેમના વાર્તાસંગ્રહ 'આથમણી કેડી'ની વાર્તાઓ અને નવલકથા 'વિભંગકલા' અમારા સાંનિધ્યમાં લખાયેલી. 'નવચેતન'માં દર મહિને વાર્તા મોકલે. સાહિત્યિક રુચિ ઘડવામાં અમારાથી છ સાત વર્ષે મોટા આ કવિ-નાટ્યકારનું ઋણ સ્વીકારવું જોઈએ."* [૨૦]

ધીરુભાઈ ઠાકરે ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી જેવી ભાષાઓના પુસ્તકોનું વિશેષ વાંચન કર્યું હતું. ખાસ તો કૉલેજમાં અભ્યાસ દરમિયાન ગુજરાતીમાં અનુવાદિત થયેલા બંગાળી સર્જકોના પુસ્તકોનું વાંચન કર્યું હતું. બંગાળી સર્જકોને પોતાની સાહિત્યિક રુચિના ઘડતરને મૂલવતાં તેઓ જણાવે છે કે,

*"આ અરસામાં રવીન્દ્રનાથ અને શરદચંદ્રનાં લખાણોનું અમને મોટું આકર્ષણ હતું. શરદબાબુની નવલકથાઓ ગુજરાતીમાં ઊતરેલી તે બધી અને રવીન્દ્રનાથની 'ગોરા', 'નૌકા ડૂબી' વગેરેના ગુજરાતીનાં ભાષાંતરો અમે રસપૂર્વક વાંચતા. બંગાળી સર્જકોએ અમને એટલા પ્રભાવિત કરેલા કે અમે બંગાળી ભાષા શીખવાનો અને બંગાળી મિત્રો બનાવવાનો મનસૂબો કરેલો. આ બે બંગાળી લેખકોએ અમારી સાહિત્યદ્રષ્ટિ ને ભાવનાસૃષ્ટિ બાંધી આપી."* [૨૧]

આમ, ધીરુભાઈ ઠાકરની સાહિત્યિક રુચિના ઘડતરમાં અનેકવિધ પરિબળોએ ભાગ ભજવ્યો હતો. ખાસ તો તેમના કુટુંબનું સાહિત્યિક વાતાવરણ, માતા-પિતાનો વિશેષ ફાળો, શિક્ષકો, મિત્રો, અધ્યાપકો અને કેટલાંક સાહિત્યકારોનું પ્રદાન તેમની સાહિત્યિક રુચિના ઘડતરમાં અવિસ્મરણીય છે.

## રાષ્ટ્રપ્રેમ

ધીરુભાઈ ઠાકર બાળપણથી જ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા હતા. તેઓ બાળપણથી જ સ્વાતંત્ર્યલડતના અનેક કાર્યક્રમોમાં જોડાતા હતા. લોકજાગૃતિના કાર્યક્રમોમાં તેઓ વાનરસેના તરીકે જોડાતા હતા. બાળપણમાં તેઓ અનેક દેશભકતોની છબિઓ લાવીને ઘરમાં મુકતા હતા. તેઓ હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન અનેકવિધ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં જોડાતા હતા. એ પ્રમાણે સ્કાઉટની પ્રવૃત્તિ તેમને વિશેષ પસંદ હતી. સેવા અને માનવતાના પ્રયક્ષ પાઠ તેમને આ પ્રવૃત્તિમાંથી મળ્યા હતા. પ્રીતિ શાહે ધીરુભાઈ ઠાકરને પૂછેલ પ્રશ્ન *"પોતે રાષ્ટ્રીય લડતમાં ભાગ કેવી રીતે લીધો."* [૨૨] ના જવાબમાં ધીરુભાઈ ઠાકર કહે છે તે જુઓ,

*"મુંબઈમાં રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન ભરાયેલું વરલીમાં અબ્દુલગફ્ફારનગર બનાવેલું. તે સમયે હું મામાને ત્યાં મુંબઈ ગયેલો. મામાના દીકરા સુરેશભાઇ અને હું કોંગ્રેસના એ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે રહેલા. આ અધિવેશનમાં રાષ્ટ્રીય જાગૃતિનાં સાચાં દર્શન થયાં. ગાંધીજી, જવાહરલાલ નેહરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ, નેતાઓને નજીકથી જોવાનો અને સાંભળવાનો લહાવો મળ્યો. એ વખતે સ્વાધીનતાની લગની લાગી. ખાદી પહેરવાનો સંકલ્પ કર્યો."* [૨૩]

ધીરુભાઈ ઠાકર કૉલેજમાં અભ્યાસ કરતાં ત્યારે 'દરિયે દવ લાગ્યો', 'કકળતું કોંગો', 'રશિયન નારી' જેવા પુસ્તકોનું વાંચન કર્યું હતું. જેથી રાષ્ટ્રીય આંદોલનનું પ્રબળ આકર્ષણ તેમનું હતું. બ્લેવેટ્સકી લૉજમાં રાષ્ટ્રીયતાના કાર્યકમોમાં તેઓ હાજરી આપતા હતા. પ્રાંતીય ચૂંટણીઓમાં કોંગ્રેસનો પ્રચાર કરતાં હતા. ધીરુભાઈ અને તેમના મિત્રોએ કૉલેજના અભ્યાસ દરમિયાન તરુણ સેવાસંઘ નામનું મંડળ શરૂ કરેલું. જેમાં તેઓએ જ્ઞાતિવિહીન સમાજની હિમાયત કરી હતી. ધીરુભાઈ ઠાકર પ્રત્યે આદર જગાવતી ઘટના આઝાદી માટેની લડતના અરસામાં પડેલી છે. તેઓ જ્યારે અમદાવાદની સરકારી કૉલેજમાં અધ્યાપક હતા એ

સમયે તેમના રાષ્ટ્રીય જુસ્સાને ઉત્તેજિત કરે તેવો બનાવ બન્યો હતો. તે બનાવને ચી.ના.પટેલ 'સ્મરણમાધુરી'માં નોંધતાં કહે છે ,

*"૧૯૪૨ ની 'હિંદ છોડો' લડતના ટેકામાં ઓગષ્ટ માસની ૧૦મીએ લૉ કૉલેજના વિદ્યાર્થીઓનું એક સરઘસ નિકળ્યું. તે ગુજરાત કૉલેજ પાસે આવ્યું. ત્યારે કેટલાંક વિદ્યાર્થીઓએ પોલીસને ઉશ્કેરે એવું કંઈક કર્યું. તેથી પોલીસ તેમની પાછળ પડી. વિદ્યાર્થીઓ કૂદીને ગુજરાત કૉલેજનાં કંપાઉન્ડમાં પડ્યા. ત્યાં પણ પોલીસ તેમની પાછળ પડી અને તેણે ગોળીબાર શરૂ કર્યો. તેમાંથી વિદ્યાર્થીઓને બચાવવા જતાં ધીરુભાઈ પણ એક ગોરા અધિકારીની બેટનનો ભોગ બન્યા. તેમને માથામાં સખત વાગ્યું અને સારવાર માટે દસેક દિવસ વા.સા. હોસ્પિટલમાં રહેવું પડ્યું. આને પરિણામે ધીરુભાઈનો રાષ્ટ્રીય જુસ્સો વધુ ઉત્તેજિત થયો. સરકારી નોકર હોવા છતાં તેઓ ખાનગીમાં પત્રિકાઓ તૈયાર કરાવતા. અજ્ઞાતવાસમાં ગયેલા કાર્યકર્તાઓને મદદ પહોંચાડતા અને વિદ્યાર્થીઓને પરદેશી સરકાર સામે લડી લેવાનો જુસ્સો આવે એવા પુસ્તકો બતાવતા. જેમાં ધીરુભાઈનું સહતંત્રી તરીકે નામ છપાતું એવી , વિસનગરથી નીકળતી એક પત્રિકાના એક અંકમાં તે જપ્ત થાય એવું તમતમતું સાહિત્ય પીરસેલું " [૨૪]*

અમદાવાદમાં ૧૯૬૯માં કોમી રમખાણો થયા હતા તેની અસર મોડાસામાં પણ થઈ હતી. આ અરસામાં તેઓ મોડાસામાં ગાંધી વિચારશિબિરનું આયોજન કરતાં, મૌનશાંતિ કાર્યક્રમ રાખી ગામોમાં ફરતા હતા. શાંતિમય વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરતાં હતા. મોડાસામાં હિન્દુ-મુસ્લિમ કોમો વચ્ચે સંઘર્ષ થતો ત્યારે તેઓ બંને કોમોને સમજાવવાનો પ્રયત્ન કરતાં. તેમના આવા પ્રયત્નથી જ મોડાસામાં તંગદિલીનું વાતાવરણ હળવું બન્યું હતું. આ દરેક પ્રવૃત્તિમાં ધીરુભાઈ ઠાકરનો રાષ્ટ્રીય પ્રેમ જોઈ શકાય છે.

## અન્ય કાર્યો

ગુજરાત કૉલેજમાં નાટ્યસંગીત મંડળને ઉપક્રમે વિવિધ નાટકો ભજવાયા હતા. તેમાં જયન્તિ દલાલ, ચંદ્રવદન મહેતા, યશવંત પંડ્યા જેવા નાટ્યકારોએ નાટકોનું દિગ્દર્શન કરેલું અને નાટકીય પ્રવૃત્તિને

વેગ આપ્યો હતો. આ અરસામાં ગુજરાતી રંગભૂમિને વ્યવસાયી બંધનમાંથી છોડાવવાના પ્રયત્નો થયા હતા. નાટ્યસંગીત મંડળની પ્રવૃત્તિ બંધ થઈ ત્યાં સુધી ૧૯૩૫-૩૬ સુધી અવિરતપણે આ મંડળના ઉપક્રમે નાટકો ભજવાયેલા. ધીરુભાઈ ઠાકરે ૧૯૪૦માં રવિન્દ્રનાથનાં કાવ્યો ઉપરથી 'લાલનો ગુલામ' તેમજ 'ઉપાનપુરાણ' ગુજરાતીમાં અનુવાદ કરીને ચિલ્ડ્રન્સ એકેડેમીમાં બાળકો પાસે મુંબઈના રૉયલ ઑપેરા હાઉસમાં ભજવાવ્યા હતા. ત્યાર બાદ ૧૯૪૧માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક થયા ત્યારથી ૧૯૪૩થી ૧૯૬૦ સુધી નાટ્યસંગીતમંડળને ઉપક્રમે તેમણે અનેક નાટકો  ભજવાયેલાં. સન ૧૯૪૪માં ધીરુભાઈ ઠાકર અને તેમના મિત્રોએ સાથે મળીને અમદાવાદમાં 'રૂપકસંઘ' નામની નાટ્યસંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાના ઉપક્રમે તેમણે 'શાહજહાં', 'સોયનું નાકું', 'અવતરણ', 'બરી ધ ડેડ', 'અવિભક્ત આત્મા', 'શંબરકન્યા', 'લોપામુદ્રા' જેવા નાટકોનું દિગ્દર્શન કર્યું હતું. સન ૧૯૪૬માં 'રૂપકસંઘ' નામની નાટ્યસંસ્થાના ઉપક્રમે તેમણે 'જયા-જયંત' નાટકનું દિગ્દર્શન કર્યું હતું. સન ૧૯૫૫માં ભારત સરકાર યુવક કલ્યાણ વિભાગે સિમલા નજીક સુબાથુ હિલ પર નાટ્ય તાલીમ શિબિર યોજી હતી. તેમાં ધીરુભાઈ ઠાકર ગુજરાત યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ગયા હતા. અહીં તેઓ એક માસ સુધી નાટ્ય તાલિમશિબિરમાં રહ્યા હતા. આ શિબિરમાં નાટ્ય તાલીમના પ્રયોગ તરીકે શેક્સપિયરના 'જુલિયસ સીઝર' નાટક ભજવાવ્યું હતું અને તેમાં ધીરુભાઈ ઠાકરે જુલિયસ સીઝરની ભૂમિકા ભજવી હતી. આ શિબિરનો મુખ્ય હેતુ યુનિવર્સિટી કક્ષાએ નાટ્ય તાલીમશિબિરો યોજાય તે હતો. ધીરુભાઈ ઠાકરે ૧૯૫૬માં પોરબંદરમાં આવો નાટ્ય તાલીમશિબિર ચલાવેલી.  સન ૧૯૬૮માં ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે માઉન્ટ આબુ પર અધ્યાપકો માટે નાટ્ય તાલીમ શિબિર યોજાયો હતો અને તેનું સંચાલન ધીરુભાઈ ઠાકરે કર્યું  હતું. ત્યારબાદ સુરતની એમ.ટી.બી.કૉલેજમાં અને નારગોલમાં પણ તેમણે આવી શિબિરો ચલાવેલી.

આમ, ધીરુભાઈ ઠાકરે ૧૯૫૬થી ૧૯૭૧ એમ પંદર વર્ષ સુધી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટેના નાટ્યતાલીમનું આયોજન અને સંચાલન  કરતાં રહ્યા હતા. શિબિરના સંયોજક તરીકે પણ રહી ચૂક્યા હતા.

ધીરુભાઈ ઠાકરના જીવનને ત્રણ-ત્રણ તબકામાં આપણે વહેંચી શકીએ છીએ. સન ૧૯૪૧થી ૧૯૬૦ સુધી અમદાવાદની સરકારી ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકે રહ્યા હતા. અહીં તેઓએ  અઢાર વર્ષ સુધી અધ્યાપન કાર્ય કરાવ્યુ હતું. ત્યારબાદ સન ૧૯૬૦થી ૧૯૭૮ સુધી મોડાસા કૉલેજમાં આચાર્ય તરીકે આરૂઢ થયા હતા અને મોડાસા કૉલેજનો કાયાપલટ કર્યો હતો. ત્યારબાદ ધીરુભાઈ ઠાકરે જીવનના ઉત્તરાર્ધમાં એક મહત્વનું કાર્ય કર્યું તે વિશ્વકોશનું સંપાદન અને વિશ્વકોશભવનનું નિર્માણ.  આ અગાઉ સન ૧૯૭૯માં ગુજરાત યુનિવર્સિટીને પૂજય શ્રી મોટાએ દસ લાખનું દાન આપીને વિશ્વકોશ તૈયાર કરવાનું કહ્યું હતું અને યુનિવર્સિટીએ વિશ્વકોશ વિભાગ પણ શરૂ કર્યો હતો. અને તેનો હવાલો ધીરુભાઈ ઠાકરને આપવામાં આવ્યો હતો. તેમણે ગુજરાતી ભાષાના વિશ્વકોશના ૨૦ ગ્રંથોની શ્રેણી તૈયાર કરવાની યોજના તેમણે યુનિવર્સિટીને આપી હતી પરંતુ સરકાર તરફથી ગ્રાન્ટ ન મળતા યુનિવર્સિટીને વિશ્વકોશ વિભાગ બંધ કરવો પડ્યો હતો. ત્યારપછી યોગાનુયોગ ધીરુભાઈ ઠાકરને વિસનગરના સાંકળચંદ પટેલના સંપર્કમાં આવવાનું થયું હતું. વાતચીત દરમિયાન વિશ્વકોશની વાત નીકળી હતી અને આ વાત તેમના હ્રદયને સ્પર્શી ગઈ હતી. ત્યારપછી  સાંકળચંદ પટેલે ધીરુભાઈ ઠાકરને વિશ્વકોશ તૈયાર કરવાની જવાબદારી આપી સોપી હતી. આ માટે પ્રારંભમાં જ સાંકળચંદ પટેલે વિશ્વકોશ માટે તેર લાખનું દાન આપ્યું હતું. સમય જતાં ધીરુભાઈએ વિવિધ વિષય નિષ્ણાતોનો સહકાર મેળવી વિશ્વકોશ તૈયાર કરવાનો પડકાર ઝીલી લીધો હતો. પરિણામે ૨જી ડિસેમ્બર ૧૯૮૫માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. વિશ્વકોશના કાર્ય  સમયે ધીરુભાઈ ઠાકરને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ચાર-ચાર વખત સખત બીમારીનો ભોગ તેઓ બન્યા હતા. છતાં જીવનના ઉત્તરાર્ધમાં વિશ્વકોશ જેવો બૃહદ પ્રકલ્પ તૈયાર કરવાનો તેમના જીવનનું ધ્યેય બની ગયું હતું. જીવનના ત્રણ દાયકા જેટલો સમય તેમણે વિશ્વકોશ તૈયાર કરવામાં અર્પણ કર્યો હતો. પરિણામે સન ૧૯૮૭થી ૨૦૦૯ સુધી ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું તેમણે સંપાદન કર્યું. વિશ્વકોશકાર તરીકે ધીરુભાઈ ઠાકરને મૂલવતાં રમણ સોની કહે છે તે જૂઓ,

*"જીવન અને કારકિર્દીના ઉત્તરાર્ધે ધીરુભાઈએ એક નવું આરોહણ આરંભ્યું – ને પછી તો 'વિશ્વકોશ'કાર તરીકેને એમની ઓળખ જ જાણે પ્રધાન બની ગઈ -૧૯૮૫થી અવસાનપર્યંતના ત્રણ દાયકા એમણે વિશ્વકોશના સંપાદનમાં તેમજ વિશ્વકોશભવનના નિર્માણમાં અર્પ્યા. વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતની એક અગત્યની સાહિત્ય-વિદ્યા-સંસ્થા બની રહ્યું. એક બૃહદ પ્રકલ્પ તરીકે ને એના પરિણામરૂપ ૨૫ ગ્રંથો તરીકે 'ગુજરાતી વિશ્વકોશ'(૧૯૮૭-૨૦૦૯) આપણા વિદ્યાજગતની એક મહત્વની ઘટના છે."* [૨૫]

ધીરભાઈ ઠાકરે પોતાના જીવનકાળ દરમિયાન પાંચ વાર વિદેશગમન કર્યું હતું. પ્રથમ પ્રવાસ ઇંગ્લેન્ડનો તેમણે ૧૯૭૫માં કર્યો હતો. ત્યારબાદ તેમણે ૧૯૮૩,૧૯૯૩,૨૦૦૫,અને ૨૦૦૬ની સાલમાં વિદેશગમન કર્યું હતું. યુરોપ, ઈંગ્લેંડ, અમેરિકા વિગેરે દેશોમાં તેઓ ગયા હતા. લંડનમાં તેઓએ કેટલીક અગ્રગણ્ય શિક્ષણસંસ્થાઓ અને થિયેટરોની મુલાકાત લીધી હતી. જેમાં બ્રૂનેલ યુનિવર્સિટી, ઓક્સફર્ડ, લંડન યુનિવર્સિટી જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમણે બ્રિટિશ રાજ્યની ઉચ્ચશિક્ષણ પ્રણાલીને વિગતવાર સમજવાનો પ્રયત્ન કર્યો હતો. લંડન અને અમેરીકામાં તેમણે કેટલાંક નાટકો જોયા હતા. જેમાં શેક્સપિયરનું 'લવ્ઝ લેબર લૉસ્ટ', ટોમ સ્ટોપાર્ડનું 'ટ્રાવેસ્ટિઝ', આર્થર મિલરનું 'ડેથ ઑફ એ સેલ્સમેન', ઈબ્સનનું 'હેડ્ડા ગેબ્લર', પીટર શેફરનું 'ઈકવસ', તેમજ 'જિસસ ક્રાઈસ્ટ સુપરસ્ટાર', 'હાન્સ એંડરસન' જેવા સંગીતનાટ્યનો સમાવેશ થાય છે. પ્રથમ વાર તેઓ વિદેશ ગયા ત્યારે ત્રણ મહિના સુધી ત્યાં રહ્યા હતા. ધીરુભાઈ ઠાકર બીજીવાર ૧૯૮૩માં લંડન ગયા હતા. અહીં તેમણે મહાત્મા ગાંધી ફાઉન્ડેશન સંસ્થાના ઉપક્રમે વ્યાખ્યાન આપ્યું હતું. સાથે કેટલાંક થિયેટરોની મુલાકાત લીધી હતી. લંડન નિવાસ દરમિયાન ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે તેમણે 'હું ગુર્જર બ્રિટનવાસી' એ શીર્ષકથી વ્યાખ્યાન આપ્યું હતું. વિદેશ પ્રવાસ દરમિયાન તેઓએ શિક્ષણસંસ્થાઓ, થિયેટરો, નાટકોની સાથે કૉવેન્ટ ગાર્ડન, રિચમંડ પાર્ક જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી.

ધીરૂભાઈ ઠાકરે અનેક વ્યાખ્યાનો આપ્યા હતા. સન ૧૯૬૦માં ડાહીલક્ષ્મી લાઈબ્રેરીના ઉપક્રમે 'ગોવર્ધનરામ અને મણિલાલ' વિશે, સન ૧૯૬૨માં મ્યુનિસિપાલિટીને ઉપક્રમે ઉપલેટામાં ઝવેરચંદ મેઘાણી

વિશે, ૧૯૮૩માં નાટ્યકળા વિશે મધુવન સંસ્થાના ઉપક્રમે લીંબડીમાં પાંચ વ્યાખ્યાનો આપ્યા હતા. ધીરૂભાઈ ઠાકર વિવિધ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ તરીકે રહી ચુક્યા હતા. સન ૧૯૭૩માં ગુજરાતી વિષયના અધ્યાપક સંઘના પ્રમુખ તરીકે તેઓની વરણી થઈ હતી. આ ઉપરાંત સન ૧૯૮૦માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૦માં અધિવેશનમાં સાહિત્ય, વિવેચન અને સંશોધન વિભાગના અધ્યક્ષ, છેલ્લે ૨૦૦૦-૦૧માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૦મું અધિવેશનના પ્રમુખ તરીકે કામગીરી બજાવી હતી.

ધીરુભાઈ ઠાકરને ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જનને લક્ષમાં રાખીને અનેક માન-સન્માન પ્રાપ્ત થયા છે. જેમાં સન ૧૯૫૮માં 'મણિલાલ નભુભાઈ જીવનરંગ' જીવનચરિત્ર માટે મુંબઈ સરકાર તરફથી પ્રથમ ઈનામ, સન ૧૯૮૧માં 'પરંપરા અને પ્રગતિ' શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના જીવનચરિત્રને પ્રથમ પારિતોષિક, સન ૧૯૮૪-૮૬માં ગુજરાત સાહિત્ય અકાદમીની ફેલોશિપ, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સન ૧૯૯૨માં 'અભિજ્ઞાન' વિવેચન સંગ્રહને પ્રથમ ઈનામ તેમજ 'શબ્દમાધુરી' નિબંધસંગ્રહને બીજું ઈનામ મળ્યું હતું. સન ૧૯૯૪માં 'ઊંચો પર્વત,ઊંડી ખીણ' નાટકને પ્રથમ ઈનામ, ગુજરાત સાહિત્ય સભા તરફથી સન ૧૯૯૬માં ૧૯૯૪નો રણજિતરામ સુવર્ણચંદ્રક, ઉત્કૃષ્ટ સાહિત્યસેવા બદલ સન ૧૯૯૯માં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૧૯૯૮નો સાહિત્યગૌરવ પુરસ્કાર તેમને પ્રાપ્ત થયો હતો. વિશ્વ ગુજરાતી સમાજ તરફથી સન ૨૦૦૦માં ૧૯૯૯નો ગુજરાતગૌરવ પુરસ્કાર, વિદ્યાવિકાસ ટ્રસ્ટ અમદાવાદ તરફથી સન ૨૦૦૨માં સારસ્વત પુરસ્કાર, સન ૨૦૦૬માં ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી સચ્ચિદાનંદ સન્માન, ગુજરાતી સાહિત્ય અકાદમી, મુંબઈ તરફથી સન ૨૦૧૨માં વીર નર્મદ પુરસ્કાર તેમજ એશિયાટિક સોસાયટી ઑફ બોમ્બે, મુંબઈની ફેલોશિપ મળી હતી. સન ૨૦૧૪માં વિશ્વ ગુજરાતી સમાજ તરફથી 'કાનજીભાઇ દેસાઈ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ' અને છેલ્લે તેમને ૨૬ એપ્રિલ ૨૦૧૪ માં ભારત સરકાર તરફથી (મરણોપરાન્ત) 'પદ્મભૂષણ' થી ધીરુભાઈ ઠાકરને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આમ, ગુજરાતી સાહિત્યમાં વિવેચક, સંપાદક, સંશોધક, નાટ્યકાર, સાહિત્યના ઈતિહાસના આલેખક એવા ધીરુભાઈ ઠાકરને વિવિધ માન-સન્માનો મળ્યાં હતા. ત્યારબાદ જીવનના ઉત્તરાર્ધમાં ૭૫ વર્ષની ઉંમરે

વિશ્વકોશના સંપાદનનો પડકાર ઝીલ્યો અને તે પડકારને સફળતાપૂર્વક પૂર્ણ પણ   કર્યો હતો. અને ૨૪જાન્યુઆરી ૨૦૧૪માં ૯૬ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી તેમણે ગુજરાતી સાહિત્ય જગતમાંથી વિદાય લીધી.

ગુજરાતી સાહિત્યમાં વિવેચક, સંપાદક, સંશોધક, નાટ્યકાર, અનુવાદક અને ઈતિહાસના આલેખક એવા ધીરુભાઈ ઠાકરના જીવન ઘડતરમાં અનેકવિધ પરિબળોએ ભાગ ભજવ્યો હતો. તેમનું બાળપણ ધાંટવડ, ચાણસ્મા તેમજ સિદ્ધપુરમાં વીત્યું હતું. સાહિત્ય પ્રત્યે વિશેષ રુચિ કેળવવામાં તેમના માતા-પિતા, શિક્ષકો, અધ્યાપકો તેમજ કૉલેજના મિત્રોનો ખાસ ફાળો રહેલો હતો. ધીરુભાઈ ઠાકરના જીવનને ત્રણ તબક્કામાં વહેંચી શકાય છે ગુજરાત કૉલેજમાં અધ્યાપક, મોડાસા કૉલેજમાં આચાર્ય ને ત્યારપછી વિશ્વકોશના સંપાદક તરીકે રહી ચૂક્યા હતા. કૉલેજમાં અધ્યાપન કાર્યની સાથે અનેકવિધ નાટ્યપ્રવૃતિનું આયોજન અને સંચાલન તેઓ કરતાં રહ્યા હતા. પોતાના જીવનકાળ દરમિયાન અનેકવાર વિદેશગમન તેઓએ કર્યું હતું. ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જનને લક્ષમાં રાખીને તેમને અનેક પારિતોષિકો મળ્યાં હતા.

# સંદર્ભસૂચિ


૧ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮,પૃ-૪

૨ સવ્યસાચી સારસ્વત: સં.ભોળાભાઈ પટેલ, મધુસૂદન પારેખ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૩૦૯

૩ સત્સંગમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૯૫, પૃ-૧૫૩

૪ સ્મરણમાધુરી :ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮,પૃ-૧૩

૫ એજન, પૃ-૧૦

૬ એજન, પૃ-૪૭

૭ એજન, પૃ-૫૯

૮ એજન, પૃ-૬૫

૯ એજન, પૃ-૭૨

૧૦ એજન, પૃ-૭૮

૧૧ શિક્ષણવિદ ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૧૮, પૃ-૨૮

૧૨ શબ્દશ્રી: પ્રવીણ દરજી અને કુમારપાળ દેસાઈ,પ્ર.આ. ૧૯૮૦ પૃ-૧૮૭

૧૩ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર,પ્ર.આ. ૨૦૦૮, પૃ-૧૮

૧૪ શબ્દશ્રી: પ્રવીણ દરજી અને કુમારપાળ દેસાઈ,પ્ર.આ.૧૯૮૦,પૃ-૧૬૦

૧૫ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ.૨૦૦૮, પૃ-૧૮૫

૧૬ એજન, પૃ-૧૮૭

૧૭ પ્રસંગમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૧૨, પૃ-૧૫૪

૧૮ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮, પૃ-૩૬

૧૯ એજન, પૃ-૬૨

૨૦ એજન, પૃ-૫૩

૨૧ એજન, પૃ-૫૪

૨૨ સવ્યસાચી સારસ્વત: સં.ભોળાભાઈ પટેલ, મધુસૂદન પારેખ અને અન્ય, પ્ર.આ. ૨૦૦૭, પૃ-૩૧૨

૨૩ એજન, ૩૧૨

૨૪ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮, પૃ-૧૧

૨૫ પ્રત્યક્ષ-રમણ સોની, જાન્યુઆરી-માર્ચ-૨૦૧૪, પૃ-૫